Presented on : 08-08-2023
Registered on : 08-08-2023
Decided on : 23--07-2026
Duration : 02 year, 11 months, 15 days

<u>ખંભાળીયાના મે. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબ શ્રીની અદાલત સમક્ષ, મુ. ખંભાળીયા</u>

ફોજદારી કેસ નં. ૨૧૦૧/૨૦૨૩

આંક : –

<u>ફોર્મ – એ</u>

ફરીયાદી	**શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કું. લી.,** થ્રુ પાવર ઓફ એટર્ની હોલ્ડર **હરદાસભાઈ કરશનભાઈ ચાવડા** ઉ. વ. ૩૮, ધંધો–નોકરી, ઠે. દ્વારકેશ કોમ્પ્લેક્ષ, બીજો માળ, જુની પોસ્ટ ઓફીસ રોડ, નગરનાકા પાસે, જામ ખંભાળીયા તા. ખંભાળીયા જી. દેવભુમિ દ્વારકા
ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી	વી.ડી. ચુડાસમા
આરોપી	કરમણભાઈ મેરૂભાઈ કોડીયાતર, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, મુ. પાછતરડી, વાછરા ડાડા મંદિર પાસે, તા. ભાણવડ જી. દેવભૂમિ દ્વારકા
આરોપી પક્ષ તરફે વિ.વ.શ્રી	આર.એમ.જામ

<u>ફોર્મ – બી</u>

ગુનો બન્યાની તારીખ	૦૯–૦૬–૨૦૨૩
તહોમતનામું/ પ્લી લેવાની તારીખ	૦૩–૦૪–૨૦૨૪
પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ	૨૨–૦૯–૨૦૨૩
દલીલ સાંભળેલ તારીખ	–
જજમેન્ટ આપ્યાની તારીખ	**૨૩–૦૭–૨૦૨૬**
સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો)	**૨૩–૦૭–૨૦૨૬**

<u>આરોપીની વિગતો</u>

આરોપીની સંખ્યા	આરોપીનું નામ	અટક કર્યાની	જામીન પર મુકત	ગુનાઓના આરોપસર	સજા / નિર્દોષ	ફરમાવેલ સજા	કેદમાં રહેલ મુદતનો

		તારીખ	કર્યાની તારીખ				સમય ક્રિ.પ્રો.કોડ ની સે.૪૨૮ ના હેતુસર
(૦૧)	કરમણભાઈ મેરૂભાઈ કોડીયાતર	–	–	ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ મુજબ.	સજા	બે વર્ષની સાદી કેદ તથા રૂ. ૪,૦૦,૦૦૦/– દંડ.	–

ફોર્મ – સી

એ – ફરીયાદપક્ષના સાક્ષી :–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર	આંક
૧.	ફરીયાદીનું સરતપાસનુ સોગંદનામું	ફરીયાદી	૦૫

બી – આરોપીપક્ષના સાક્ષી :–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર
DW1	–	–
DW2	–	–

સી – કોર્ટ તરફેના સાક્ષી :–

નંબર	નામ	પુરાવાનો પ્રકાર
CW1	–	–
CW2	–	–

એ – ફરીયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–

નંબર	વિગત	આંક
૧.	ફરીયાદી કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટર દ્વારા આપવામાં અવોલ ઠરાવની ખરી નકલ.	૧૧

૨.	અમો ફરીયાદીની પાવર ઓફ એર્ટનીની ખરી નકલ.	૧૨
૩.	આરોપીએ મેળવેલ લોન વાળા વાહનનું આર.ટી.ઓ કચેરીનું હાઈપોથીકેશન અંગેનો રીપોર્ટ.	૧૩
૪.	આરોપીના ખાતા લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટની ખરી નકલ.	૧૪
૫.	ઈન્ડીયન એવીડન્સ એકટની કલમ–૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ અસલ.	૧૫
૬.	આરોપીએ આપેલ અસલ ચેક નં. ૦૧૦૧૧૩.	૧૬
૭.	ચેક નં. ૦૧૦૧૧૩ સબંધેનો બેંક રીર્ટન મેમો અસલ.	૧૭
૮.	આરોપીને આપવામાં આવેલ વૈધાનીક નોટીસ	૧૮
૯.	આરોપીને તા. ૨૭–૦૬–૨૦૨૩ ના રોજ નોટીસ રજી. એડી. કર્યાની પોસ્ટની સફેદ પાવતી અસલ	૧૯
૧૦.	આરોપીને મોકલેલ નોટીસ તા.૩૦–૦૬–૨૦૨૩ દરમ્યાન બજી ગયેલ અંગેનું પોસ્ટ મેન ધ્વારા પરત કરવામાં આવેલ એકનોલેજમેન્ટ અસલ	૨૦
૧૧.	આરોપીને મોકલેલ નોટીસ તા. ૩૦–૦૬–૨૦૨૨ના રોજ બજી ગયા અંગેની પોસ્ટ ઓફીસનો ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ અસલ	૨૧

<u>બી – આરોપીપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–</u>

નંબર	આંક ના નંબર	વિગત
૧	આંક D-1/DW 1	–
૨	આંક D-2/DW 2	–

<u>સી – કોર્ટ તરફે આંકે પાડેલ દસ્તાવેજો :–</u>

નંબર	આંક ના નંબર	વિગત
૧	આંક D-1/DW 1	–
૨	આંક D-2/DW 2	–

<u>ડી – મહત્વની વસ્તુઓ :–</u>

નંબર	મહત્વની વસ્તુઓના નંબર	વિગત
૧	MO 1	–
૨	MO 2	–

–:: ચુકાદો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં વિગત એવી છે કે, ફરીયાદી કંપની શ્રી રામ ફાયનાન્સ લીમીટેડ(અગાઉ શ્રીરામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લીમીટેડ) ધી કંપનીઝ એકટ, ૧૯૫૬ હેઠળ નોધાયેલ કંપની છે. અને જેની રજીસ્ટર્ડ ઓફીસ ચેન્નાઈ મુકામે આવેલ છે તથા ફરીયાદી કંપની ટ્રાન્સપોર્ટ ફાઈનાન્સને લગતુ કામ કરે છે અને જેના તથા નવા કોર્મશીયલ વાહન ઉ પર લોન આપવાનું કામકાજ કરે છે. અને ગુજરાત ભરમાં પણ અનેક શાખાઓ ધરાવે છે. તે પૈકી જામખં ભાળીયા ખાતે ઓફીસ ઉપરોકત સરનામે આવેલ છે. અમો નિચે સહી કરનાર સદરહું કંપનીમાં સિનીયર બીઝનેશ મેનેજર તરીકેનો હોદો ધરાવીએ છીએ તથા કંપનીના તમામ વ્યવહારોથી અમો વાકેફ છીએ અને સદરહું કંપની તરફથી અમોને પાવર ઓફ એર્ટનીથી અધકિાર અને સતા લખી આપવામા આવેલ છે. જેના આધારે કંપની વતી ત્હોમતદાર સામે કાયદેસર કાર્યવાહી કરવા સતા મળેલ છે. વધુમાં આ કામના તહોમતદારે અમો ફરીયાદી કંપની પાસેથી તા. ૩૧/૦૭/૨૦૧૪ ના રોજ લોન એગ્રીમેન્ટ નં.JMKMBO407310002 થી રૂા. ૫,૦૦,૦૦૦/– પુરાની ટાટા એલપીટી ૨૫૧૫ કર્મીસ એફબીટી જેના રજી. નં. જીજે–૧૦–ડબલ્યુ–૬૯૩૨ ઉપર લોન લીધેલ છે. જેની એગ્રીમેન્ટ વેલ્યુ રૂા. ૭,૯૫,૮૪૭/– પુરા છે. વધુમાં સદરહુ એગ્રીમેન્ટ મુજબ લોનની રકમ તહોમતદારે માસીક રૂા. ૧ ૮,૪૬૦/– પુરાનો ૧ હપ્તો, રૂા. ૧૬,૦૦૦/– પુરાના ૪૫ હપ્તા તથા રૂ. ૧૬,૮૮૭/– પુરાનો ૧ હ પ્તો તમે કુલ ૪૭ હપ્તામાં લોન ભરપાઈ કરવાની હતી. વધુમાં આ કામના તહોમતદાર સદરહું લોન ભર પાઈ કરવામાં ખુબ જ અનીયમીત છે. અમો ફરીયાદી કંપનીના ચોપડામાં આરોપીના ખાતા મુજબ આરો પી પાસે અમો ફરીયાદી કંપનીની બાકી લેણી રકમ નીકળે છે. જેથી અમો ફરીયાદી કંપનીઆ કામના આરોપીને વારંવાર લેખીત તથા મૌખિક સુચના આપેલ અને સદરહું લોનની બાકી રકમ ભરપાઈ કરી આપવા જણાવેલ હતું પરંતુ આરોપીએ લોનની બાકી રકમ ભરપાઈ ન કરતા એગ્રીમેન્ટની શરતો મુજબ અમો ફરીયાદી કંપનીએ ઉપરોકત લોન વાળી ગાડી રીપઝેશન લીધેલ તથા ત્યારબાદ આરો પીને સદરહું રીપઝેશન લીધેલ ગાડી અંગે નોટીશ આપેલ. જેથી આરોપીએ સદરહું ગાડી વેણાણ કરી

નાખવાની અમારી કંપનીને સુચના આપેલ તથા સદરહું ગાડી વેચાણ બાદ જે રકમ ભરપાઈ કરવાની થાય તે રકમ ભરપાઈ કરવાની ખાત્રી, વચન અને વિશ્વાસ આપેલ. જેથી આરોપીએ લીધેલ લોન વાળી ગાડી અમો ફરીયાદી કંપનીએ રૂા. ૩,૦૦,૦૦૦/– પુરામાં વેચાણ કરેલ અને ત્યાર બાદ ફરીયાદી કંપનીએ આરોપીને સદરહું લોનની બાકી રકમ ભરપાઈ કરી જવા વારંવાર લેખીત અને મૌખિક સુચના આપેલ અને સદરહું લોનની બાકી રકમ ભરપાઈ કરી આપવા જણાવેલ હતું. અને તા. ૨૪/૦૫/૨૦૨૩ સુધીના લોનના બાકી રૂા. ૧૪,૩૪,૧૦૯/– પુરા અમો ફરીયાદી કંપનીની બાકી લેણી રકમ નીકળે છે તેથી અમો ફરીયાદી કંપનીએ તહોમતદારને સદરહું લોનની રકમ ભરપાઈ કરી જવા વારંવાર લેખીત અને મૌખિક ખબર આપેલ અને સદરહું લોનની બાકી રકમ ભરપાઈ કરી આ પવા જણાવેલ જેથી આ કામના તહોમતદારે અમો ફરીયાદી કંપની સાથે રૂા. ૪,૦૦,૦૦૦/– પુરામાં લોનની રકમ ભરપાઈ કરવા માટે સમાધાન કરેલ અને ફરીયાદી કંપનીને આરોપીની લોનની રકમ ભરપાઈ કરવા સમાધાન પેટે આરોપીએ **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ભાણવડ શાખાનો ખાતા નં. ૩૩૬૧૪૪૧૮૧૬૬ નો ચેક નં. ૦૧૦૧૧૩ તા. ૨૪/૦૫/૨૦૨૩ ના રોજનો રૂા. ૪,૦૦,૦૦૦/–** પુરાનો આપેલ જે ચેક અમો ફરીયાદીએ અમોના એકસીસ બેંક શાખામાં કલીયરીંગ માટે આપતા સદરહું ચેક તા. ૦૯/૦૬/૨૦૨૩ ના રોજ ''એકાઉન્ટ બ્લોકડ'' ના શેરા સાથે બાઉન્સ થયેલ જે અંગેની જાણ અમો ફરીયાદીને અમોની બેંક ધ્વારા થયેલ છે. વધુમાં સદરહું તહોમતદારને આપવામાં આવેલ લોન અં ગે ફરીયાદીના ચોપડે કાયદાની જોગાવઈઓ મુજબ ફરીયાદીના હીસાબી ચોપડામાં તહોમતદારનુ કોમ્ પ્યુટર રાઈઝડખાતું રાખવામાં આવેલ છે જેની નકલ તહોમતદારને આપવામાં આવેલ છે. તહોમતદાર સાથેના દરેક વ્યવહારની નોંધ તહોમતદારને આપવામાં આવેલ લોન એકાઉન્ટ સ્ટેટમેન્ટની કોપી તહોમતદાર જયારે માંગે ત્યારે આપવામાં આવે છે. વધુમાં સદરહું ચેક રીર્ટન થતા અમો ફરીયાદીએ અમારા એડવોકેટ શ્રી વનરાજસિંહ ડી. ચુડાસમા મારફત તા. ૨૭/૦૬/૨૦૨૩ ના રોજ તેમના છેલ્લા સરનામે રજી.એડી.પોસ્ટ સ્ટેચ્યુટરી નોટીશ આપેલ. જે નોટીશ તા. ૩૦/૦૬/૨૦૨૩ દરમ્યાન બજી ગયેલ અને પોસ્ટમેન ધ્વારા એકનોલેઝમેન્ટ પરત કરેલ છે. આમ તહોમતદારને સદરહું નોટીશ આપવા છતા તહોમતદારે ફરીયાદી કંપનીને આજ દિવસ સુધી સદરહું ચેકની રકમ ચુકવેલ ન હોય ને તે બાબતે કોઈ દરકાર પણ લીધેલ નથી. એ રીતે તહોમતદારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ ગુન્હો કરેલ છે. જેથી આ ફરીયાદ લાવવાની ફરજ પડેલ છે.

(૨) ફરીયાદ રજુ થતા આ કોર્ટ દવારા **ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૪** અન્વયે આ કામના આરોપી

વિરુધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૯૮૧ ની કલમ–૧૩૮ મુજબના પ્રોસેસ કરવાનો હુકમ કરેલ છે.

(૩) આ કામના આરોપીને સમન્સ બજી જતા આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ છે. આરોપીને **ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭** મુજબ ફરીયાદ તથા પેપર્સની નકલો પુરી પાડયાની ખાતરી કરી આરોપીની ફરીયાદ હકીકત મુજબના ગુના સંદર્ભે **આંક–૦૯ થી પ્લી** નોધવામાં આવેલ. સદર નિવેદનમાં આરોપીએ ગુનો કબુલ નહી હોવાનું જણાવતા સદર કામ ફરીયાદ પક્ષે પુરાવા રજુ કરવા પર રાખવામાં આવેલ.

(૪) **સદર કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબીત કરવા માટે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.**

મૌખીક પુરાવા:–

અ.નં.	સાહેદોનું નામ	આંક
૧.	ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ	૦૫

દસ્તાવેજી પુરાવો :–

અ.નં.	દસ્તાવેજનું નામ	આંક
૧.	ફરીયાદી કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટર દ્વારા આપવામાં અવોલ ઠરાવની ખરી નકલ.	૧૧
૨.	અમો ફરીયાદીની પાવર ઓફ એર્ટનીની ખરી નકલ.	૧૨
૩.	આરોપીએ મેળવેલ લોન વાળા વાહનનું આર.ટી.ઓ કચેરીનું હાઈપોથીકેશન અંગેનો રીપોર્ટ.	૧૩
૪.	આરોપીના ખાતા લોન એકાઉન્ટના સ્ટેટમેન્ટની ખરી નકલ.	૧૪
૫.	ઈન્ડીયન એવીડન્સ એકટની કલમ–૬૫(બી) મુજબનું સર્ટીફીકેટ અસલ.	૧૫
૬.	આરોપીએ આપેલ અસલ ચેક નં. ૦૧૦૧૧૩.	૧૬
૭.	ચેક નં. ૦૧૦૧૧૩ સબંધેનો બેંક રીર્ટન મેમો અસલ.	૧૭
૮.	આરોપીને આપવામાં આવેલ વૈધાનીક નોટીસ.	૧૮

૯.	આરોપીને તા. ૨૭–૦૬–૨૦૨૩ ના રોજ નોટીસ રજી. એડી. કર્યાની પોસ્ટની સફેદ પાવતી અસલ	૧૯
૧૦.	આરોપીને મોકલેલ નોટીસ તા.૩૦–૦૬–૨૦૨૩ દરમ્યાન બજી ગયેલ અંગેનું પોસ્ટ મેન ધ્વારા પરત કરવામાં આવેલ એકનોલેજમેન્ટ અસલ	૨૦
૧૧.	આરોપીને મોકલેલ નોટીસ તા. ૩૦–૦૬–૨૦૨૨ના રોજ બજી ગયા અંગેની પોસ્ટ ઓફીસનો ઓનલાઈન ટ્રેકીંગ રીપોર્ટ અસલ	૨૧

(૫) ફરીયાદ પક્ષ ધ્વારા ઉપર જણાવ્યા સીવાય અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી અને ફરીયાદપક્ષ ધ્વારા **આંક–૪૦** થી કલોઝીંગ પુરશીશ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું **ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩** મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરી જણાવેલ છે કે, *''ફરીયાદીએ ખોટો કેસ કરેલ છે, અમોએ સને ૨૦૧ ૪ની સાલમાં લોન લીધેલી જે લોન તા. ૦૫–૦૭–૨૦૧૮ ના રોજ પુરી થઈ ગયેલી અને તે લોન પેટે લીધેલા કોરા ચેકોનો ફરીયાદીએ દુરૂપ્યોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદ મુજબનું કોઈ લેણું નીકળતુ નથી. અમે નિર્દોષ છીએ.''* આરોપીનું વિશેષ નિવેદન નોંધ્યા બાદ બંને પક્ષે કરવામાં આવેલ મૌખીક દલીલો વિગતે સાંભળવામાં આવેલ છે.

(૬) ત્યાર બાદ ફરીયાદી ના વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફરીયાદી એ આરોપીને **વાહનની ઉપર લોન** આપેલી અને આરોપીએ તે પરત નહીં ચુકવી વિશ્વાસઘાત કરેલ છે. ફરીયાદીએ કાયદેસર રકમ આપેલ છે અને આરોપી ઉપર કાયદેસરનું લેણું છે. સદર કામે આરોપી દવારા ફરીયાદીને રૂા. ૪,૦૦,૦૦૦/– પુરાનો ચેક આપવામાં આવેલ અને તે ચેક **''એકાઉન્ટ કલોઝડ''**ના શેરા સાથે પરત ફરેલ. વધુમાં તેઓ જણાવે છે કે સદર કામે ફરીયાદી તેમના પુરાવાના સોગંદનામામાં તેમની આંક–૧ વાળી ફરીયાદને સમર્થનકારી પુરાવો પુરો પાડેલ છે ફરીયાદમાનો ચેક આરોપીએ પોતાના કાયદેસરના લેણા પેટે આપેલ છે. સદર કામે આરોપી પક્ષે કોઈ પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. આરોપીપક્ષ ફરીયાદ પક્ષે રજુ રાખેલ પુરાવાઓનું અને પુર્વાનુમાનનું ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે. આમ, આ કામે ફરીયાદી દવારા તેમની ફરીયાદ પુરવાર કરેલ હોય તેમજ ફરીયાદીનું કાયદેસરનું લેણું હોય આરોપીને કાયદાથી નિર્ધારીત સજા કરવા જણાવેલ છે.

જયારે આરોપી પક્ષ તરફે મૌખીક દલીલ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, આ કામના આરોપીએ અગાઉ ફરીયાદી સંસ્થા પાસેથી લોન લીધેલી અને તે ભરપાઈ પણ કરી આપેલી, પરંતુ

તે સમયે ફરીયાદી સંસ્થાએ આરોપી પાસે સહી કરાવી કોરા ચેકો મેળવી લીધેલ અને તેનો દુરુપયોગ કરીને હાલનો આ ખોટો કેસ કરેલ છે. ફરીયાદીને જુના ચેક આપેલ હતો. વધુમાં આ કામે આરોપી પક્ષે ફરીયાદીની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમા, સત્ય હકીકતો રેકર્ડ પર આવેલ છે. ફરીયાદપક્ષે રહેલ પુર્વાનુમાનનું ખંડન કરવામાં આરોપી પક્ષ સફળ રહેલ છે. ફરીયાદીની ઉલટતપાસ ધ્વારા રેકર્ડ ઉપર આવેલ હકીકતો મુજબ જે ફરીયાદી સંસ્થાએ લોન આપેલી તે લોન કયારની અગાઉ જ પુરી થઈ ગયેલ છે. ફરીયાદપક્ષના કેસ મુજબ ચેકમાં જણાવેલ લેણી રકમ અંગે ફરીયાદ પક્ષ કોઈ દસ્તાવેજી પુરાવો રજુ રાખી શકેલ નથી. આ કામના ફરીયાદીને આવી ફરીયાદ કરવાની કોઈ સત્તા જ નથી. ફરીયાદપક્ષે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવાઓ શંકાના દાયરામાં આવે છે. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવો જોઈએ. આ કામે ફરીયાદપક્ષ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. આ કામે ફરીયાદપક્ષે રજુ તમામ પુરાવા ઓ નું આરોપીપક્ષે ખંડન કરવામાં આવેલ છે. આમ, આ કામે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા માટે અરજ છે.

(૭) હાલની ફરીયાદના કામે રજુ થયેલ પુરાવો અને લેખીત મૌખીક રજુઆતો ધ્યાને લેતા સદર કેસના ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ભાણવડ શાખા, તા. ૨૪/૦૫/૨૦૨૩, ખાતા નં. ૩૩૬૧૪૧૮૧૬૬, ચેક નં. ૦૧૦૧૧૩ રૂા. ૪,૦૦,૦૦૦/– પુરાનો** આપેલ અને તે ચેક ફરીયાદી એ પોતાની બેંકમા રજુ કરતા સદરહુ ચેક **''એકાઉન્ટ કલોઝડ''** ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલ અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટિસ આપ્યા છતાં, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ નહી ચુકવી આપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ શિક્ષા પાત્ર ગુન્હો કર્યો છે ?

૨. શું હુકમ ?

ઉપરોકત મુદા પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૮) આ કામના યોગ્ય ન્યાય નિર્ણય માટે ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલા મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લઈ તથા નકકી કરવામાં આવેલા મુદાના નિર્ણય પર પહોચવા માટેના મારા કારણો–તારણો નીચે મુજબ છે.

<u>//કારણો//</u>

મુદા નં.૧ તથા ૨ પરસ્પર સંકળાયેલા હોય પુરવા તથા કાયદાની ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સદર બંને મુદાઓની ચર્ચા સયુંકત કરવી ન્યાયોચિત જણાતું હોય, મુદા નં.૧ તથા ૨ ની સયું કત ચર્ચા કરવામાં આવે છે.

(૯) સૌ પ્રથમ એ જણાવવું જરૂરી છે કે, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ધ્યાને લેતા આ કલમમાં અમુક જોગવાઈઓ આજ્ઞાત્મક છે કે જે આ કલમ હેઠળ ફરીયાદ દાખલ કરતા પહેલાની પૂર્વ શરતો છે, જેનું પાલન કરવું અનિવાર્ય છે, તે સિવાય આ કલમ હેઠળ ફરીયાદ લઈ શકાય નહી કે ફરીયાદ ચાલી શકે નહી જેથી તે અંગે પ્રથમ ચર્ચા કરવી જરૂરી છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ ની જોગવાઈ વંચાણે લેતા...........

<u>Sec. 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account–</u> *Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both : Provided that nothing contained in this section shall apply unless– (a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it was drawn or within the period of its validity, whichever is earlier. (b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice, in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid, and (c) the drawer of such cheque fails to make the payment of the said amount of*

money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice. Explanation– For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

હાલના આ કામે કલમ–૧૩૮ માં પરંતુક (એ) પ્રમાણે તે ચેક છ માસમાં અથવા તો ચેકની નકકી થયેલી મર્યાદામાં બેંકમાં રજુ થયેલો હોવો જોઈએ. જે બાબતમાં **આંક–૧૬** વાળો ચેક તે સમયમર્યાદામાં બેંકમાં ભરાયેલ છે જે રીટર્ન થયેલ છે. જેથી ફરીયાદ પક્ષે પરંતુક (એ) નું પાલન થયેલ હોવાનું સાબીત થાય છે.

પરંતુક (બી) ધ્યાને લઈએ તો, ચેક પરત આવ્યાથી દિન–૩૦ માં ચેકની રકમની માંગણી કરતી લેખિત નોટીસ આરોપીને ફરીયાદીએ આપેલી હોવી જોઈએ. આ કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ રીટર્ન મેમો જોતાં તેમાં ચેક તા. ૦૯–૦૬–૨૦૨૩ ના રોજ પરત ફરેલ છે. જેમાં તે ''**એકાઉન્ટ કલોઝડ**'' ના શેરા સાથે પરત આવેલ છે. જયારે આંક–૧૮ થી રજુ થયેલી નોટીસને ધ્યાને લેતા તે તા. ૨૭–૦૬–૨૦૨૩ ના રોજ આ કામના આરોપીને જારી કરેલાનું જણાય છે. એટલે કે ફરીયાદીને ચેક પરત ફર્યાની જાણ તા. ૦૯–૦૬–૨૦૨૩ ના રોજ થયા બાદ દિન–૩૦ માં એટલે કે તા. ૨૭–૦૬–૨૦૨૩ ના રોજ આરોપીને નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીના સરનામે આપવામાં આવેલ છે. આમ, ફરીયાદીએ ચેક પરત ફર્યાની જાણ થયાના દિન–૩૦ માં તે ચેકની રકમની માંગણી કરતી નોટીસ આરોપીને આપેલ છે. જેથી ફરીયાદી દવારા કલમ–૧૩૮ ના પરંતુક (બી) નું પાલન કરવામાં આવેલ છે.

વધુમાં, પરંતુક (સી) મુજબ આરોપીને આંક–૨૦ અને આંક–૨૧ ધ્યાને લેતાં ફરીયાદી દવારા જે રજીસ્ટર એ.ડી.થી નોટીસ મોકલવામાં આવેલ તે તા. ૩૦–૦૬–૨૦૨૩ ના રોજ તેઓને બજેલ છે. આમ, આરોપીને આ નોટીસ બજી ગયેલ છે અને આ નોટીસ મળ્યાથી દિન–૧૫ માં તે ચેકના નાણા ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે આમ, આ કામે આરોપીએ તેવી કોઈ રકમ ચુકવી આપ્યાનો બચાવ પણ લીધેલ નથી. જેથી ફરીયાદ પક્ષ, કલમ–૧૩૮ ના પરંતુક (સી) મુજબનું પાલન આરોપી દવારા કરેલ ન હોવાનું સાબીત કરવામાં સફળ રહેલ છે.

ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૪૨ (બી) વંચાણે લેતા તમામ આજ્ઞાત્મક જોગવાઈનું પાલન થયા બાદ હાલની આ ફરીયાદ મુદતમાં કોર્ટ સમક્ષ દાખલ થયેલ છે. આમ, આ ફરીયાદ તમામ આજ્ઞાત્મક પુર્વ શરતોનું પાલન કર્યા બાદ દાખલ કરવામાં આવેલ છે જે ફરીયાદ મુદતમાં

છે જેનો કોઈ બાધ નડતો નથી.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષ તરફથી આરોપી સામે આક્ષેપાયેલા ગુન્હો પુરવાર કરવા માટે આંક−૫ થી ફરીયાદીએ તેમનું પુરાવારૂપી સોગદનામું રજુ કરી સદર પુરાવારૂપી સોગંદનામાની સરતપાસમાં આંક−૧ થી રજુ ફરીયાદની હકીકતને સમર્થન આપતી વિગતો જણાવેલ છે જેથી અત્રે પુનરાવર્તન ટાળવા માટે તે હકીકતનો ઉલ્લેખ કરેલ નથી. પરંતુ તેની ટુંકમાં વિગત અહી રજુ કરેલ છે. આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણાં પેટે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ભાણવડ શાખા, તા. ૨૪/૦૫/૨૦૨૩, ખાતા નં. ૩૩૬૧૪૧૮૧૬૬, ચેક નં. ૦૧૦૧૧૩ રૂા. ૪,૦૦,૦૦૦/− પુરાનો** આપેલ અને તે ચેક ફરીયાદી એ પોતાની બેંકમા રજુ કરતા સદરહુ ચેક **''એકાઉન્ટ કલોઝડ''** ના શેરા સાથે સ્વીકાર્યા વગર પરત આવેલો અને સદર તકરારી ચેક મુજબના નાણાં વસુલાતની માંગણાની નોટિસ આપ્યા છતાં, આરોપીએ ફરીયાદીને તકરારી ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી. આમ આરોપીએ નોટીસનો અમલ કરેલ નથી કે ચેકની રકમ ફરીયાદીને વસુલ આપેલ નથી.

આ ફરીયાદીની ઉલટતપાસ આરોપી પક્ષે કરવામાં આવેલ છે. જેમા તેઓએ ફરીયાદીની ફરીયાદ હકીકતોને ચેલેન્જ કરી જણાવેલ છે કે, *''એ વાત ખરી છે કે, હું ફરીયાદી કંપની સાથે સને ૨૦૧૩ થી એમ્લોય એકઝીકયુટીવ તરીકે જોડાયેલ છુ. એ વાત ખરી છે કે, હું કલેકશન મેનેજર તરીકે સને ૨૦૧૮ થી ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ છે તે અંગેનો લોનનો વ્યવહાર મારી હાજરીમાં થયેલ નથી. એ વાત ખરી છે કે, લોન અંગેના કોઈ દસ્તાવેજી પુરાવા મારી હાજરીમાં થયેલ નથી. એ વાત ખરી છે કે, હું માત્ર રેકર્ડ આધારે જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે, કોઈ પણ વ્યકિત અમારી કંપનીમાં લોન લેવા આવે તો પ્રથમ એપ્લીકેશન ફોર્મ અને આઈ.ડી.પ્રુફ લેવામાં આવેલ છે અને ત્યારબાદ લોન સેન્કશન થતાં આગળની કાર્યવાહી કરવામાં આવે છે. એ વાત ખરી છે કે, આ કામમાં કહેવાતુ કોઈ એપ્લીકેશન ફોર્મ કે લોન સેન્કશન લેટર રજુ રાખવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદના પેરા નં. ૧ માં જણાવ્યા મુજબ અમારી કંપનીની હેડ ઓફીસ ચેન્નઈ મુકામે આવેલ છે અને તેના રજીસ્ટર્ડ નંબર મારી ફરીયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે, આંક − ૧૨ વાળુ પાવર ઓફ એટર્ની કંપનીના કોઈ ડાયરેકટર કે જોઈન્ટ ડાયરેકટરે આપેલ નથી. એ વાત ખરી નથી કે, આંક − ૧૨ વાળા પાવર ઓફ એટર્નીમાં સહી કરનાર નિલેશભાઈ ઓડેદરા તે કંપનીના જોઈન્ટ મેનેજીંગ ડાયરેકટર હોય તે દર્શાવતુ કોઈ દસ્તાવેજી આધાર આ કામે અમોએ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આંક −૧ ૨ વાળા પાવર ઓફ એટર્ની સંલગ્ન જે લેટર ઓફ ઓથોરાઈઝેશન છે તે કઈ તારીખે આપવામાં આવેલ તેવી કોઈ તારીખ તેમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદ,નોટીશ અને સરતપાસના સોગંદનામાના પેરા નં.૨ માં ઉલ્લેખ કરવામાં આવેલ લોન એગ્રીમેન્ટ આ કામે રજુ રાખવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના આંક − ૧૬ વાળા ચેકની એન્ટ્રી આંક − ૧૪ થી રજુ આરોપીના લોન ખાતાના એકાઉન્ટના સ્ટેટમેન્ટમાં નથી.*

એ વાત ખરી નથી કે, આંક – ૧૪ વાળા આરોપીના લોન ખાતાના એકાઉન્ટના સ્ટેટમેન્ટમાં ઉપર જણાવેલ ફર્સ્ટ સમરી ઓફ લોનસમાં જણાવ્યા મુજબ આ કામના આરોપીને કુલ પાંચ લોન આપવામાં આવેલી છે. સાહેદ જણાવે છે કે, આ સમરીમાં જણાવેલ વિગતોમાં સૌપ્રથમ આરોપીને આપવામાં આવેલ લોન અંગેની વિગતો છે અને ત્યારબાદની વિગતો વર્કીંગ કેપીટલની,ચાઈલ્ડ લોનની વિગતો છે. એ વાત ખરી છે કે, આંક – ૧૪ વાળા આરોપીના લોન ખાતાના એકાઉન્ટના સ્ટેટમેન્ટમાં ઉપર જણાવેલ ફર્સ્ટ સમરી ઓફ લોનસમાં જણાવ્યા મુજબ આ કામના આરોપીને જે કોઈ રકમો આપવામાં આવેલી છે તેનો તમામ હિસાબ કોમન કરવામાં આવેલ છે. હું આંક – ૧૪ વાળુ સ્ટેટમેન્ટ જોઈને કહી શકુ કે આરોપીની કઈ લોનના કેટલા નાણા બાકી નીકળતા હતા. આંક – ૧૪ જોઈને જણાવુ છુ કે, તેમાં ઉપર જણાવેલ સમરીમાં જે વિગતો જણાવેલ છે તે અન્વયે કઈ લોનના કેટલા બાકી લેણા નીકળતા હતા તે હું અલગ અલગ જણાવી શકુ નહી કારણ કે, લોન લેનાર તમામ પેટે કોમન હપ્તા ભરતા હતા. એ વાત ખરી છે કે, મારી ફરીયાદના પેરા નં.૨ માં જણાવ્યા મુજબ આ કામના આરોપીને તા.૩૧ /૦૭/૨૦૧૪ ના રોજ લોન આપવામાં આવેલી. એ વાત ખરી છે કે, આ લોનનો છેલ્લો હપ્તો આંક – ૧૪ વાળા સ્ટેટમેન્ટ મુજબ તા.૦૫/૦૭/૨૦૧૮ ના રોજ ચુકવામાં આવેલ. સાહેદ જણાવે છે કે, આ કામના આરોપીની લોનનો ટેન્યુઅર જ તા.૦૫/૦૭/૨૦૧૮ ના રોજ પુર્ણ થતો હતો. એ વાત ખરી છે કે, મારી ફરીયાદના પેરા નં.૪ માં જણાવ્યા મુજબ આરોપી પાસેથી અમારે રૂ.ચૌદ લાખ ચોત્રીસ હજાર એકસો નવ પુરા બાકી લોન પેટે લેણા નીકળતા હતા. એ વાત ખરી છે કે, આ જે અમારા રૂ.ચૌદ લાખ ચોત્રીસ હજાર એકસો નવ પુરા બાકી લોન પેટે લેણા નીકળતા હતા તેનો કોઈ હિસાબ મારી ફરીયાદ,નોટીશ કે પુરાવાના સોગંદનામામાં જણાવેલ નથી. સાહેદ જણાવે છે કે, હિસાબ અંગેનુ સ્ટેટમેન્ટ રજુ રાખેલ છે. એ વાત ખરી છે કે, મારી ફરીયાદના પેરા નં. ૨ મુજબ આરોપી રૂ.પાંચ લાખની લોન આપેલી તેવું જણાવેલ છે. એ વાત ખરી છે કે, આંક – ૧૪ વાળા સ્ટેટમેન્ટ મુજબ આરોપીએ રૂ.છ લાખ એકયાંશી હજાર છન્નુ રૂપિયા જમા કરાવેલ છે. એ વાત ખરી છે કે, મારી ફરીયાદ,નોટીશ અને સરતપાસના સોગંદનામામાં જણાવ્યા મુજબ આરોપી પાસેથી મારે ચાર લાખ રૂપિયા લેવાના થતાં હોય તો તેનો હિસાબ તેમાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદના પેરા નં. ૪ માં જણાવ્યા મુજબ આરોપીએ ચેક નં.૦૧૦૧૧૩ તા.૨૪/૦૫/૨૦૨૩ ના રોજ મારી હાજરીમાં આપેલ હોય તેવું સ્પષ્ટ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદના પેરા નં.૪ માં એવી હકીકત જણાવેલ છે કે, ''આ કામના તહોમતદાર સદરહુ લોનના હપ્તા ભરપાઈ કરવામાં ખુબ જ અનિયમીત છે. અમો ફરીયાદી કંપનીના ચોપડામાં આરોપીના ખાતા મુજબ આરોપી પાસે અમો ફરીયાદી કંપનીની બાકી લેણી રકમ નીકળે છે'' જે હકીકત સાચી છે. આ કામે આરોપી લોનના હપ્તા ભરવામાં અનિયમીત હોય જે બાબતે અમારી કંપની દ્વારા આરોપીને નોટીશ આપવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, અમારી કંપનીએ આવી કોઈ નોટીશ આરોપીને આપેલ હોય તો તે હકીકત દર્શાવતો કોઈ આધાર પુરાવો આ કામે અમોએ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદના પેરા નં.૪ મુજબ આરોપી પાસેથી ગાડી જમા લઈ લીધેલ છે અને તે ગાડી હરાજીથી અન્યને વેચાણ કરી દીધેલ છે.

એ વાત ખરી છે કે, આ ગાડીની હરાજીથી વેચાણ કરતા રૂપિયા ત્રણ લાખની કિંમત ઉપજેલ છે. એ વાત ખરી છે કે, આ ગાડી હરાજીથી વેચવામાં આવેલ હોય તે હકીકત દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, અમારી કંપનીમાં આરોપીની લોન સંબંધે કોઈ ચોપડા રાખવામાં આવેલ હોય આવો કોઈ ચોપડા આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, મારી ફરીયાદના પેરા નં. ૪ ના જણાવ્યા મુજબ આ કામના આરોપી સાથે કોઈ લેખીત કે મૌખિક સમાધાન કરેલ હોય તો તે હકીકત દર્શાવતો કોઈ દસ્તાવેજી આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારી ફરીયાદના પેરા નં.૨ માં જણાવ્યા મુજબના એગ્રીમેન્ટ સિવાય આ કામના આરોપી સાથે અમોએ અન્ય કોઈ એગ્રીમેન્ટ કરેલ નથી. એ વાત ખરી છે કે, આંક – ૧૪ માં જણાવ્યા મુજબની ચાઈલ્ડ લોનના કોઈ નંબર કે વિગત મારી ફરીયાદ,નોટીશ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આ કામના આરોપીએ કેટલા હપ્તા ભરેલ અને લેણા પેટે આરોપીના કેટલા હપ્તા બાકી હતા તેવી કોઈ વિગત મારી ફરીયાદ,નોટીશ કે સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી. એ વાત ખરી છે કે, કોઈ ગ્રાહક અમારી પાસે લોન લેવા આવે અને તેની લોન મંજુર થાય તો એન.એ.સી.એચ.(નેશનલ ઓટોમેટેડ કલીયરીંગ હાઉસ) એ ફોર્મ ગ્રાહક પાસેથી સાઈન કરાવવામાં આવે છે. આ કામનુ રેકર્ડ જોઈને કહુ છુ કે, આ કામે ગ્રાહક પાસેથી એન.એ.સી.એચ. કરાવેલ હોય તેવું જણાઈ આવતુ નથી. અમારી કંપનીમાં ઈ.સી.એચ.કરાવવામાં આવતુ નથી. અમો ગ્રાહક પાસેથી પેમેન્ટ પેટે ચેક સ્વીકારતા નથી પરંતુ જો તે રોકડા રૂપિયા ભરે તો તેની રીસીપ્ટ આપીએ છીએ. આ કામના આંક – ૧૪ ના સ્ટેટમેન્ટ મુજબ આ કામના આરોપીએ જુદી જુદી તારીખોએ કેશ રૂપિયાથી હપ્તા ભરેલ છે. એ વાત ખરી છે કે, કોઈ વ્યકિત લોનની અવધિ પુરી થાય તે પહેલા લોન ભરપાઈ કરે તો લોન કલોઝર ગણાય. એ વાત ખરી છે કે, તેવી જ રીતે જો લોન અવધિ પુરી થયા બાદ વ્યકિત લોન ભરપાઈ કરે તો તેને સેટલમેન્ટ ગણાય. એ વાત ખરી છે કે, આ કામના આરોપીએ આ કામે લોન કલોઝર કે સેટલ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, આંક –૧૪ ના સ્ટેટમેન્ટ મુજબ તા.૩૦/૧૦/૨૦૧૭, ૨૭/૧૧/૨૦૧૭ અને તા.૦૧/૧૨/૨૦૧૭,૦૮/૧૨/૨૦૧૭, ૧૩/૧૨/૨૦૧૭ ના રોજ જે ગાડી વેચાણ કરેલ તેની રકમ હપ્તે હપ્તે મળેલ છે. એ વાત ખરી છે કે, તા.૧૩/૧૨/૨૦૧૭ પછી અમારે અને આરોપીને એગ્રીમેન્ટ મુજબ કોઈ નાણાકીય વ્યવહાર થયેલ નથી. એ વાત ખરી છે કે, આ લોનના વહેવાર પેટે અમારે જે કાંઈ રકમ બાકી રહેતી હોય તે અંગે આરોપી સાથે નવુ એગ્રીમેન્ટ કરવામાં આવેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી અમારી પાસે લોન સેટલ કરવા આવેલ હોય અને તે સબંધે કોઈ દસ્તાવેજ અમે અમારી વડી કચેરીએ મોકલાવેલ હોય તે હકીકત દર્શાવતો કોઈ આધાર પુરાવો અમે આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, અમારી નોટીસ, ફરીયાદ અને પુરાવાના સોગંદનામામાં એવી સ્પષ્ટ હકીકત જણાવેલ નથી કે, આરોપીએ લીધેલ લોન પૈકી કેટલી રકમ જમા થતા, કેટલી રકમ સ્પષ્ટ બાકી રહે છે. એ વાત ખરી છે કે, ફરીયાદ તથા સોગંદનામાના પેરા નં. ૪ માં જણાવ્યા મુજબ અમારી કંપનીએ આરોપીની ગાડી રીપઝેશ કરી રૂપીયા ત્રણ લાખમાં વેચી નાખેલ છે. એ વાત ખરી છે કે, આ ગાડી આમ ફરીથી વેંચતા તેની

રકમ તા. ૩૦/૧૦/૨૦૧૭, તા. ૨૭/૧૧/૨૦૧૭, તા. ૦૮/૧૨/૨૦૧૭ તથા તા. ૧૩/૧૨/૨૦૧૭ ના રોજ મળીને કુલ રૂપીયા ત્રણ લાખ જમા થયેલ છે. એ વાત ખરી છે કે, હાલની આ ફરીયાદ કરી તેના સાત વર્ષ અગાઉ આરોપીની ગાડી રીપઝેશ કરી વેચી નાખેલ છે. એ વાત ખરી છે કે, આ કામના આરોપી સાથે લોનનો વ્યવહાર તા. ૩૧/૦૭/૨૦૧૪ ના રોજ થયેલો અને તેના લોનના હપ્તા પેટેના ચેકની હાલની ફરીયાદ તા. ૦૨/૦૮/૨૦૨૩ ના રોજ કરેલી છે. એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ તા. ૩૧/૦૭/૨૦૧૪ ના નવ વર્ષ બાદ કરેલી છે. આંક-૧૪ જોઈને કહુ છુ કે, તેમાં તારીખ તથા વિગતો વિગેરેના અલગ અલગ કોલમ્સ છે અને જેમાં વિગતો (પર્ટીક્યુલર્સ) ના કોલમમાં સબ-કોલમ તરીકે ચેક નંબર અને તારીખનું કોલમ દર્શાવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ સબ-કોલમ કે જેમાં ચેક અને તારીખની વિગતો જણાવવામાં આવેલ છે તેમાં આંક-૧૪ ના છેલ્લા પેઈજમાં તા. ૨૩/૦૧/૨૦૨૧, ૧૫/૦૭/૨૦૨૧, ૨૯/૦૯/૨૦૨૨ અને ૨૯/૦૯/૨૦૨૨ ના રોજ ચેક રીટર્ન થયાની વિગતો જણાવવામાં આવેલ છે, સાહેદ જણાવે છે કે, આવી વિગતો જણાવેલ છે પરંતુ ખરેખર આ વિગતો મુજબ ચેક રીટર્ન થયેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ હપ્તા પેટેના ૪૭ ચેક અમોને આપેલ અને જેમાંથી એક ચેક રીટર્ન કરાવી હાલની ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, આ કામે અમોએ લોન એગ્રીમેન્ટ સીવાય લોન સંલગ્ન અન્ય કોઈ અસલ દસ્તાવેજો રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, એગ્રીમેન્ટ કર્યા સિવાય અમો કોઈ લોન આપતા નથી. એ વાત ખરી છે કે, આ કામે એગ્રીમેન્ટ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આંક-૧૪ વાળા સ્ટેટમેન્ટમાં અમારે આરોપી પાસેથી ચાર લાખ રૂપીયા હીસાબ પેટે લેવાના નીકળે છે તેવો સ્પષ્ટ હીસાબ જણાવેલ નથી, સાહેદ જણાવે છે કે, અમારા સ્ટેટમેન્ટમાં સમાધાનનો ઉલ્લેખ હોતો નથી. આ કામે આંક-૧૬ વાળો ચેક જોઈને કહુ છુ કે, તેમાં આરોપીની સહીના અક્ષરો તેમજ બાકીની વિગતના અક્ષરો અલગ-અલગ છે. એ વાત ખરી છે કે, આંક-૧૬ વાળા ચેકમાં ખાતા નં. ૩૩૬૧૪૧૮૧૮૬ જણાવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ કામની ફરીયાદ તથા સરતપાસના સોગંદનામાના પેરા નં. ૪ માં આરોપીનો ખાતા નં. ૩૩૬૧૪૧૮૧૬૬ જણાવવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ કામે રજુ આંક-૧૩ વાળો દસ્તાવેજ તા. ૨૫/૦૮/૨૦૧૪ ની સ્થિતિનો છે. એ વાત ખરી છે કે, અમોએ આરોપીને લોન આપેલ ત્યારે અમારા કયા ખાતામાંથી આરોપીના કયા ખાતામાં લોન જમા થયેલી તે હકીકત દર્શાવતો કોઈ દસ્તાવેજી પુરાવો અમોએ આ કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, આરોપીએ લોન લેતી વખતે કોરા ચેકો માત્ર સહી કરેલા આપેલા તે ચેકનો દુરૂપયોગ કરી, હાલના કામે ખોટી ફરીયાદ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. .'' આમ, સમગ્ર પણે સદર ફરીયાદીની જુબાની જોતા આ કામના આરોપીએ ફરીયાદીને તેના કાયદેસરના લેણા પેટેની રકમ ચુકવી આપી હોય કે ચેકમાં પોતાના હસ્તાક્ષર કરેલ ન હોય તેવી કોઈ હકીકત રેકર્ડ પર પ્રસ્થાપીત થતી નથી. વધુમાં જો ફરીયાદીએ આરોપી પાસેથી અગાઉના સહી વાળા કોરા ચેકો મેળવી તેનો દુરુપયોગ કરેલ હોય તો તે સંદર્ભે સ્વાભાવીક રીતે આરોપી દ્વારા કાયદાકીય ઉપચાર લેવામાં આવેલ હોત, પરંતુ અહીં આવી કોઈ હકીકત આરોપીપક્ષે જણાઈ આવતી નથી. વધુમાં, આરોપી તરફે કરવામાં

આવેલ સમગ્ર ઉલટતપાસ વંચાણે લેતા, તેમા આ કામના આરોપીપક્ષને કોઈ લાભદાયી હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય તેવું ફલીત થતુ નથી. જેથી વિશેષ ચર્ચા કરવામાં આવતી નથી.

(૧૧) સૌ પ્રથમ ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીને કોઈ કાયદેસરની લેણી રકમ કે બીજી જવાબદારી પેટે આપેલ છે કે કેમ, તે નકકી કરવું પડે. જે બાબતમાં ફરીયાદીએ તેમની ફરીયાદમાં તથા સોગંદનામામાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી **વાહનની ઉપર લોન લીધેલ છે** અને તે લેણા પેટે ફરીયાદીના નામનો પોતાના ખાતાનો ફરીયાદવાળો ચેક લખી આપેલ છે. આમ, ફરીયાદી એ આરોપી પાસેથી કુલ રૂા.૪,૦૦,૦૦૦/- પુરા લેવાના છે અને લેણા પેટે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડીયા, ભાણવડ શાખા, તા. ૨૪/૦૫/૨૦૨૩, ખાતા નં. ૩૩૬૧૪૧૮૧૬૬, ચેક નં. ૦૧૦૧૧૩ રૂા. ૪,૦૦,૦૦૦/-** ચેક લખી આપેલો છે. આમ, ફરીયાદ પક્ષે ફરીયાદ વાળો ચેક આરોપીએ કોઈ લેણા કે જવાબદારી પેટે આપેલો હોવાનું સાબિત કરવાની પ્રાથમિક જવાબદારી નિભાવેલ છે. વધુમાં, ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ ની જોગવાઈ મુજબ આરોપીએ આપેલ ચેક કોઈ કાયદેસરની લેણી કે જવાબદારી પેટે આપેલો હોવાનું કોર્ટ અનુમાન કરી લેવાનું છે અને તેનાથી વિરૂધ્ધનું સાબિત કરવાની જવાબદારી આરોપીના શીરે છે.

(૧૨) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૯ ની જોગવાઈ નીચે મુજબ છે.

Sec. 139 : Presumption in favour of holder– It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.

જે મુજબ, વિરુધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી એવું માની લેવું જોઈશે કે, ચેકને ધારણ કરનારે તે ચેક કલમ-૧૩૮ મા જણાવ્યા મુજબની કોઈ કાયદેસરની લેણી રકમ કે બીજી જવાબદારીના સંપુર્ણ કે અંશત: પાલન માટે જ મેળવેલો છે.

આરોપીને આ અનુમાનથી વિરુધ્ધનું સાબીત કરવું પડે અને અનુમાનનું ખંડન કરવું પડે. જે માટે આરોપીએ પોતે સાહેદ તરીકે જુબાની આપવાની જરૂર નથી. પરંતુ, પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝના ધોરણ મુજબ આરોપીએ શકયતાદર્શી પુરાવો આપવો પડે અને તેવો પુરાવો આરોપી દવારા ફરીયાદીની તથા તેના સાહેદોની ઉલટતપાસ દવારા પણ રજુ કરી શકે છે.

હાલના કામે આરોપીએ પોતે કોઈ બચાવ રજુ કરેલો નથી, પરંતુ ફરીયાદીની ઉલટતપાસ

કરેલ છે જે વંચાણે લેતા તેમા આ કામના આરોપીને કોઈ લાભ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ હોય તેવું ફલીત થતુ નથી. તે સંજોગોમાં આરોપી ઉપર જે કલમ–૧૩૯ મુજબનો સાબીતીનો બોજો છે તે આરોપીએ નિભાવેલ નથી અને ફરીયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ કલમ–૧૩૯ મુજબના અનુમાનનું ખંડન કરેલ નથી. ફરીયાદ પક્ષે આરોપીએ ફરીયાદી પાસેથી વાહન ઉપર લોનની રકમ લીધેલ છે અને તે લેણી રકમની ચુકવણી પેટે ફરીયાદવાળો ચેક આપેલો હોવાનું જણાવેલ છે, જેનો પણ આરોપી પક્ષે ઈન્કાર કરેલ નથી કે ખોટું હોવાની તકરાર લીધેલ નથી. ફરીયાદ પક્ષે આંક–૧૬ થી આરોપીએ આપેલ ચેક રજુ કરેલો છે. જે આંક–૧૭ વાળા રીટર્ન મેમો મુજબ ''એકાઉન્ટ કલોઝડ'' ના શેરા સાથે પરત ફરેલ છે. ફરીયાદીએ આરોપીને આંક–૧૮ વાળી નોટીસ આપેલ છે અને તે નોટીસ આરોપીને બજી ગયેલ છે પરંતુ આરોપીએ તે નોટીસનો જવાબ આપેલો નથી કે પોતાનો કોઈ બચાવ રજુ કરેલો નથી. જેથી આરોપીએ ફરીયાદીની તરફેણમાં ઉત્પન્ન થયેલ અનુમાનનું ખંડન કરેલ નથી.

(૧૩) વધુમાં, હાલના કેસમાં ફરીયાદીએ રજુ કરેલ આંક–૧૭ વાળો રીટર્ન મેમો જોતા તે રીટર્ન મેમો આરોપીની બેંક દવારા આપવામાં આવેલ છે જેમાં ફરીયાદ વાળો ચેક ''એકાઉન્ટ કલોઝડ''ના શેરા સાથે પરત કરેલ હોવાનું જણાવેલ છે. વધુમાં, તે રીટર્ન મેમોમાં તકરારી ચેકના નંબર લખેલા છે. આમ આ કામે આરોપીએ ફરીયાદીને તકરારી ચેક આપી પોતાના ખાતામાં ફંડ નહી રાખી. તેવું માનવાને કારણ રહે છે.

(૧૪) આમ, સમગ્ર રીતે ફરીયાદ પક્ષ સાબીત કરવામાં સફળ રહેલ છે કે, ફરીયાદીની રકમ લેણી પડે છે, જેની ચુકવણી પેટે આરોપીએ ફરીયાદીને તકરારી આંક–૧૬ ચેક આપેલો છે. જે ચેક આરોપીની બેંક દવારા ''એકાઉન્ટ કલોઝડ'' ના શેરા સાથે વગર સ્વિકારાયે પરત ફરેલ હોઈ આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલો હોવાનું સ્પષ્ટ સાબીત થાય છે. આરોપી પક્ષ કલમ–૧૩૯ મુજબનું અનુમાનનું ખંડન કરવામાં સદંતર નિષ્ફળ રહેલ છે.

(૧૫) આરોપી પક્ષે ફરીયાદીની ઉલટતપાસ કરેલ છે જેમા પણ આરોપીપક્ષને કોઈ લાભ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર પ્રસ્થાપીત થતી નથી. તે સંજોગોમાં ફરીયાદીએ તેમની ફરીયાદમાં, જુબાનીમાં તથા રજુ કરેલ દસ્તાવેજોની સંપૂર્ણ વિગતોથી ફરીયાદ સાબીત કરેલ છે તેમ સ્પષ્ટપણે કહી શકાય. આમ, ફરીયાદ, રજુ દસ્તાવેજો તથા મૌખીક પુરાવા અને દલીલને ઘ્યાને લેતાં આરોપીએ આપેલ આંક–૧૬ વાળો ચેક ફરીયાદી બેંકને ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટે આપેલા હોવાનું તથા તે ''એકાઉન્ટ કલોઝડ'' ના શેરા સાથે વગર સ્વિકારાયે પરત આવેલો હોઈ અને આરોપીને ફરીયાદીએ નોટીસ આપવા

છતાં અને આરોપીને નોટીસની જાણ થવા છતાં આરોપીએ તે ચેકની રકમ ફરીયાદીને ચુકવી નહી આપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનું સાબીત થાય છે. આમ, ફરીયાદ પક્ષની દલીલોમાં વજુદ જણાય છે અને ફરીયાદ પક્ષની રજુઆતો માનવાપાત્ર જણાય છે. જેથી મારો મુદા નં.૧ નો જવાબ હું હકારમાં ઠરાવું છુ.

:: <u>હુકમ</u> ::

ક્રિમીનલ કેસ નં. ૨૧૦૧/૨૦૨૩ ના કામે આરોપી કરમણભાઈ મેરૂભાઈ કોડીયાતર, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, મુ. પાછતરડી, વાછરા ડાડા મંદિર પાસે, તા. ભાણવડ જી. દેવભૂમિ દ્વારકા નાઓને **બી.એન.એસ.એસની કલમ–૨૭૮ (૨)** અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવે છે.

ફરીયાદીના વિ.વ.શ્રી હાજર છે તેમજ આરોપી તથા આરોપીના વિ.વ.શ્રી હાજર નથી.

આ હુકમ આજ તા. ૨૩ મી, માહે: જુલાઈ, સને: ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૩/૦૭/૨૦૨૬ **(કમલેશભાઈ ચેતનભાઈ મંઘાણી)**
મુ.ખંભાલીયા ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, ખંભાલીયા
જજ કોડ જીજે ૦૦૮૨૩

:: સજા હુકમ ::

(૧૬) સજા બાબતે સાંભળ્યા. ફરીયાદી પક્ષના વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપીએ વિશ્વાઘાત અને છેતરપીંડી કરેલ છે. ફરીયાદપક્ષને ઘણુ નુકશાન વેઠવુ પડેલ છે. આવા પ્રકારના ગુન્હામાં જયારે ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરાવો આપી સાબિત કરેલ હોય તો આરોપીને મહતમમાં મહતમ સજા કરી ફરીયાદીને વળતર અપાવા વિનંતી છે.

આરોપી તથા તેમના વિ.વ.શ્રી હાજર ન હોય, આમ, આરોપી પક્ષે કોઈ રજુઆત નથી.

(૧૭) આ સંદર્ભે ઉપરોકત તમામ હકીકતોએ હાલના કામની જે ફરીયાદ છે તે આર્થિક ગુન્હા સંબંધે ફરીયાદ છે. જો આર્થિક ગુન્હા સંબંધી ફરીયાદો બાબતે ગંભીરતાથી વિચારવામાં ન આવે તો દેશનુ અર્થતંત્ર કે જે કરોડરરજુ સમાન છે તેના ઉપર વિપરીત અસર પડે. જો આવા પ્રકારના ગુન્હાઓને સરળતાથી લેવામાં આવે તો અન્ય આવા જ પ્રકારના ગુન્હાઓમાં સંડોવાયેલ આરોપીઓ દુષપ્રેરણા મેળવશે. આમ, ફરીયાદપક્ષની રજુઆતોમાં સકારાત્મક બળ જણાય છે.ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ભંગ બદલના ગુનામાં ૨ વર્ષની કેદ તથા ચેકની રકમથી ડબલ રકમની દંડની જોગવાઈ કરેલી છે. હાલનો કેસ સમન્સ ટ્રાયબલ કેસ તરીકે ચાલેલ છે. ફરીયાદીના આરોપી પાસેથી રૂા.૪,૦૦,૦૦૦/- બાકી લેણાં નિકળે છે. આરોપીને હાલના કેસમાં સમન્સ બજયા બાદ હાજર થયા છે અને તેઓ વકીલ મારફતે હાજર રહેલ છે, ફરીયાદીની ઉલટતપાસ પણ કરેલ છે. હાલના કેસની તકરાર તેમજ ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં પણ આરોપીને ૨ (બે) વર્ષની સાદી કેદની સજા ફટકારવામાં આવે તો ન્યાયોચીત જણાય છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના કેસો ચલાવવામાં ઘણો સમય જાય છે. આ સમય દરમ્યાન ફરીયાદીને દાવા કરવાનું લીમીટેશન પણ કપાતું રહે છે. આ કામે આરોપીને ઉપર જણાવ્યા મુજબ ૨ વર્ષની સાદી કેદની સજા કરવાનું વ્યાજબી જણાય છે. સાથે સાથે બી.એન.એસ.એસ. ની કલમ-૩૯૫ મુજબ ફરીયાદીને વળતર ચુકવવાનો હુકમ કરવામાં આવે તો વધુ ન્યાયોચીત જણાય છે. આમ, આ કામે આરોપીએ ચુકવવાની બાકી રહેતી રકમ રૂા. ૪,૦૦,૦૦૦/- પુરા છે. જેથી તે રકમ જો વળતર પેટે ફરીયાદીને ચુકવવામાં આવે તો ન્યાયોચીત જણાતું હોય જે મુજબ નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

:: **<u>હુકમ</u>** ::

(૧) ક્રિમીનલ કેસ નં. ૨૧૦૧/૨૦૨૩ ના કામે આરોપી કરમણભાઈ મેરૂભાઈ કોડીયાતર, ઉ.વ.આ.પુખ્ત, ધંધો–વેપાર, મુ. પાછતરડી, વાછરા ડાડા મંદિર પાસે, તા. ભાણવડ જી. દેવભૂમિ ધ્વારકા નાઓને **બી.એન.એસ.એસની કલમ–૨૭૮ (૨)** અન્વયે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ દોષિત ઠરાવીને બે વર્ષ ની સાદી કેદની સજા ભોગવવાનો અને **રૂા. ૪,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા ચાર લાખ પુરા)** દંડ તરીકે ભરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ જણાવેલ દંડની રકમ જમા ન કરાવ્યેથી ડીફોલ્ટ પેટે વધુ ૪ (ચાર) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં, એવો હુકમ કરવામાં આવે છે કે, આરોપીએ, જણાવેલ દંડની રકમ જમાં કરાવ્યેથી તે રકમ **રૂા. ૪,૦૦,૦૦૦/– (અંકે રૂપીયા ચાર લાખ પુરા)** ફરીયાદીને વળતર પેટે ચુકવી આપવા.

(૪) વધુમાં આરોપીએ હાલના ગુનાના કામે જો કોઈ સજા ભોગવેલ હોય તો તે મજરે આપવી તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી આજરોજ પણ હાજર નથી જેથી આરોપી વિરુધ્ધ પકડ વોરંટ કાઢવા હુકમ કરવામાં આવે છે.

(૬) આરોપી પકડાઈ આવેથી સજા વોરંટ ભરવા તથા આ હુકમની નકલ આરોપી ને વિનામુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે.

(૭) આરોપીના જામીન તથા જામીન ખત જો હોય તો રદ કરવા હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તા. ૨૩ મી, માહે–જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૩–૦૭–૨૦૨૬
ખંભાળીયા.

(શ્રી કમલેશ ચેતનભાઈ મંઘાણી)
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
જજ કોડ નં. જીજે ૦૦૮૨૩